BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
( Established vide Government of Gujarat Act No. 23/2015 )
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ
( ગુજરાત અધિનિયમ નં. ૨૩ / ૨૦૧૫ દ્વારા સંચાલિત )

Azadi Ka Amrit Mahotsav

પરિપત્ર:

વિષય: ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળની જાહેરાત ક્રમાંક:૧૦/૨૦૨૧૨૨ ગ્રામ પંચાયત સેક્રેટરી (તલાટી કમ મંત્રી) અને જાહેરાત ક્રમાંક:૧૨/૨૦૨૧૨૨ જુનિયર ક્લાર્ક (વહિવટ/હિસાબ)ની સ્પર્ધાત્મક પરીક્ષાના આયોજન અંતર્ગત જૂનાગઢ જિલ્લાની કોલેજોની માહિતી આપવા બાબત.

સંદર્ભ: જિલ્લા વિકાસ અધિકારીશ્રીની કચેરી, મહેકમ શાખા, જૂનાગઢનાં પત્ર ક્રમાંક નં.જિ.પં/મકમ-૮/સ્પ.પરીક્ષા/૨૫-૧/૨૦૨૨, તા.૨૫/૦૫/૨૦૨૨.

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન જૂનાગઢ જિલ્લામાં આવતી તમામ ગ્રાન્ટેડ/નોન ગ્રાન્ટેડ/સ્વનિર્ભર કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓને ઉપરોક્ત સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવામાં આવે છે કે ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા પંચાયત સેવા વર્ગ-૩ની જાહેરાત ક્રમાંક:૧૦/૨૦૨૧-૨૨ ગ્રામ પંચાયત સેક્રેટરી (તલાટી કમ મંત્રી) અને જાહેરાત ક્રમાંક:૧૨/૨૦૨૧-૨૨ જુનિયર ક્લાર્ક (વહીવટ/હિસાબ) બન્ને સંવર્ગની લેખિત સ્પર્ધાત્મક પરીક્ષાનું આયોજન આગામી સમયમાં મંડળ દ્વારા કરવાનું થતું હોય આ સાથે સામેલ પરીપત્રોની સૂચનાઓ અનુસાર આ બન્ને સંવર્ગની પરીક્ષા માટે ઉપલબ્ધ થઇ શકે તેવી સીસીટીવી ધરાવતી તેમજ પરીક્ષાર્થીઓ માટેની બેઠક વ્યવસ્થા માટેની બેંચીસ વગેરે જરૂરી સગવડ ઉપલબ્ધ હોય તેવી અત્રેની યુનિવર્સીટી સંલગ્ન જૂનાગઢ જિલ્લામાં આવતી તમામ કોલેજોની માહિતી આ સાથે સામેલ પત્રક-૧માં તેમજ પત્રક-૨માં તેની સમરી સોફ્ટકોપી (એક્સેલ શીટ શ્રુતિ ફોન્ટ)માં **dyddo-adm-jun@gujarat.gov.in** પર ઈ-મેઈલ દ્વારા તથા હાર્ડકોપી જિલ્લા પંચાયતની કચેરી, મહેકમ શાખા, જૂનાગઢને સત્વરે મોકલી આપવા જણાવવામાં આવે છે તેમજ તેની એક નકલ અત્રેની યુનિવર્સિટીના ઈ-મેઈલ આઇ.ડી. **academicbknmu@gmail.com** પર જાણ અર્થે અચૂકપણે મોકલી આપશો.

કા.કુલસચિવ

બિડાણ:- સંદર્ભદર્શિત પત્રની નકલ

ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/૬૪૬/૨૦૨૨
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ.
તા.૨૬/૦૫/૨૦૨૨

પ્રતિ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન જૂનાગઢ જિલ્લામાં આવતી તમામ ગ્રાન્ટેડ/નોન ગ્રાન્ટેડ/સ્વનિર્ભર કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ તરફ...

<u>નકલ સાદર રવાના:-</u>
(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીનાં અંગત સચિવ.
<u>નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યાવાહી અર્થે:-</u>
(૨) આઇ.ટી.સેલ વિભાગ (વેબસાઇટ પર પ્રસિદ્ધ કરવા અર્થે.)

જિલ્લા પંચાયત કચેરી-મહેકમ શાખા

નવી કલેક્ટર કચેરીની બાજુમાં, સરદારબાગ પાછળ, શશીકુંજ રોડ, જુનાગઢ

ફોન નંબર-0285-2636032

E-mail: dyddo-adm-jun@gujarat.gov.in


સમય મર્યાદા

નં.જિ.પં./મકમ–૮/સ્પ. પરીક્ષા/૨૫-૧ /૨૦૨૨ તા. ૨૫ /૦૫/૨૦૨૨

પ્રતિ,
રજીસ્ટ્રારશ્રી,
ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ખડિયા રોડ, જુનાગઢ

વિષયઃ– ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળની જાહેરાત ક્રમાંક:૧૦/૨૦૨૧-૨૨ ગ્રામ પંચાયત સેકેટરી( તલાટી કમ મંત્રી) અને જાહેરાત ક્રમાંક:૧૨/૨૦૨૧-૨૨ જુનીયર ક્લાર્ક(વહીવટ/ હિસાબ)ની સ્પર્ધાત્મક પરિક્ષાના આયોજન બાબત

સંદર્ભઃ– સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ ગાંધીનગરનાં પત્ર નં/આરબી-૨/૨૩૨/પરીક્ષા કેન્દ્ર માહિતી/૨૦૨૨/૯૧૧૩ થી ૯૧૪૫ તા.૨૫/૦૩/૨૦૨૨

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ,ગાંધીનગરની જાહેરાત ક્રમાંક:૧૦/ ૨૦૨૧-૨૨ ગ્રામ પંચાયત સેકેટરી( તલાટી કમ મંત્રી) અને જાહેરાત ક્રમાંક:૧૨/૨૦૨૧-૨૨ જુનીયર ક્લાર્ક (વહીવટ/હિસાબ)ની સ્પર્ધાત્મક પરિક્ષાના આયોજન બાબતે પરિક્ષાકેન્દ્રો માટે શાળા/કોલેજોની માહિતી મોકલી આપવા સંદર્ભવાળા પત્રથી થઈ આવેલ છે. (જેની નકલ આ સહ સામેલ છે)

ઉક્ત બંને સંવર્ગની સ્પર્ધાત્મક પરિક્ષાના સંભવિત આયોજન સબબ પરીક્ષા કેન્દ્રો(કોલેજો)ની માહિતી મંડળની કચેરી ગાંધીનગર ખાતે રજૂ કરવાની હોવાથી આપશ્રીની યુનિવર્સિટી હેઠળની જુનાગઢ શહેર તથા જુનાગઢ જિલ્લાના તાલુકાઓના કોલેજોની કે જેમાં સીસીટીવી ધરાવતી તેમજ પરીક્ષાર્થીઓની બેઠક વ્યવસ્થા માટેની બેંચીસ વિગેરે જરૂરી સુવિધા ઉપલબ્ધ હોય તેવી કોલેજો (ગ્રાન્ટેડ/નોન ગ્રાન્ટેડ/સ્વનિર્ભર)ની યાદી આ સાથે સામેલ પત્રક-૧ માં તથા તેની સમરી પત્રક-૨માં અત્રેને ઇ-મેઈલ મારફત દિવસ-૧ માં મોકલી આપવા વિનંતી.

(પી.એ.જાડેજા)
નાયબ જિલ્લા વિકાસ અધિકારી
(મહેકમ) જિ.પં., જુનાગઢ

બિડાણઃ– ઉપર મુજબ

નકલ સવિનય રવાના:-
(૧)માન.સચિવશ્રી,ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ-ગાંધીનગર
(૨)માન.જિલ્લા વિકાસ અધિકારીશ્રી,જિ.પં.,જુનાગઢ

નં.આરબી-૨/૨૩૨/પરીક્ષા કેન્દ્ર માહિતી/૨૦૨૨/૯૧૧૩ થી ૯૧૪૫

ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ
બ્લોક નં.૨, પાંચમો માળ, કર્મયોગી ભવન
સેક્ટર-૧૦/એ,ગાંધીનગર
Email:- sec-gspsb-ahd@gujarat.gov.in

તા. 25 MAR 2022

પ્રતિ,
જિલ્લા વિકાસ અધિકારીશ્રી,
જિલ્લા પંચાયત કચેરી તમામ

**વિષયઃ- ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળની જાહેરાત ક્રમાંકઃ-૧૦/૨૦૨૧૨૨ ગ્રામ પંચાયત સેક્રેટરી(તલાટી કમ મંત્રી) અને જાહેરાત ક્રમાંકઃ-૧૨/૨૦૨૧૨૨ જુનીયર કલાર્ક (વહીવટ/હિસાબ) ની સ્પર્ધાત્મક પરીક્ષાના આયોજન બાબત.**

**સંદર્ભઃ- (૧) શિક્ષણ વિભાગના પરીપત્ર ક્રમાંકઃ-બમશ/૧૩૧૮/૯૨/ગ તા ૨૩-૨-૨૦૧૮**
**(૨) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ મંડળ,ગાંધીનગરના પત્ર ક્રમાંકઃ-મઉમશબ/ ૨૦૧૭ /૧૫૧૧૧/૧૫૧ તા ૩૦-૧૦-૨૦૧૭**
**(૩) મંડળની જાહેરાત ક્રમાંકઃ-૧૦/૨૦૨૧૨૨ અને જાહેરાત ક્રમાંકઃ-૧૨/૨૦૨૧૨૨**

શ્રીમાન,

ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ ધ્વારા પંચાયત સેવા વર્ગ-૩ના જાહેરાત ક્રમાંકઃ-૧૦/૨૦૨૧૨૨ ગ્રામ પંચાયત સેક્રેટરી(તલાટી કમ મંત્રી) અને જુનીયર કલાર્ક (વહીવટ/હિસાબ) સંવર્ગની સંદર્ભ(૩)ની વિગતે જાહેરાત પ્રસિધ્ધ કરી ઉમેદવારો પાસેથી ઓનલાઇન અરજીઓ મેળવવામાં આવેલ છે.

૨. ઉપરોકત **બન્ને જાહેરાતો** ગ્રામ પંચાયત સેક્રેટરી (તલાટી કમ મંત્રી) તથા જુનીયર કલાર્ક (વહીવટ/હિસાબ) **અન્વયે આથી આગામી સમયમાં ઉકત બંને સંવર્ગોની લેખિત સ્પર્ધાત્મક પરીક્ષાનું આયોજન મંડળ દ્વારા કરવાનું થતું હોઇ તે માટેના પરીક્ષા કેન્દ્રો(શાળા/કોલેજો) ની માહિતી મેળવવી જરૂરી છે. જેથી સંદર્ભ (૧) અને (૨) દર્શિત પરિપત્ર/પત્રની સૂચનાઓ ધ્યાને લઇ, સદર બંને સંવર્ગની પરીક્ષા માટે ઉપલબ્ધ થઇ શકે તેવા, પરીક્ષાર્થીઓની બેઠક વ્યવસ્થા માટેની બેંચીસ વગેરે જરૂરી સગવડ ઉપલબ્ધ હોય તેવા આપના જિલ્લામાં આવેલ પરીક્ષા કેન્દ્રો(શાળા/કોલેજો) (ગ્રાન્ટેડ/નોન ગ્રાન્ટેડ/સ્વનિર્ભર) ની યાદી આ સાથેના પત્રક-૧માં મોકલી આપવા વિનંતી છે. પત્રક-૨માં તેની સમરી મોકલી આપવા વિનંતી છે.** ઉપરોકત માહિતી સોફટકોપી(Excel Format) માં તથા pdf Format માં અત્રેના Email id - sec-gspsb-ahd@gujarat.gov.in ઉપર મોકલી આપવા આજ્ઞાનુસાર સવિનય વિનંતી છે.

"મંડળના આદેશાનુસાર"

આપનો વિશ્વાસુ,

સચિવ
ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ,
ગાંધીનગર

બિડાણ:
(૧) શિક્ષણ વિભાગના પરીપત્ર ક્રમાંક:બમશ/૧૩૧૮/૯૨/ગ તા.૨૩-૦૨-૨૦૧૮.

# પત્રક-૧

(સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઉપલબ્ધ થઇ શકે તેવા શાળા/કોલેજની વિગતો)

જિલ્લાનું નામ - ......................................

| ક્રમ | શાળા/કોલેજનું નામ | શાળા/કોલેજનું પુરૂ સરનામું | વર્ગખંડ માં સી.સી.ટી.વી. (રેકોર્ડીંગ સહિત) ઉપલબ્ધ છે કે કેમ? (Yes/No) | ઉપલબ્ધ કરવામાં આવનાર વર્ગખંડોની સંખ્યા | ઉમેદવારોની વર્ગખંડ દીઠ બેઠક ક્ષમતા | ઉમેદવારોની કુલ બેઠક ક્ષમતા | કેન્દ્ર સંચાલકનું નામ અને સંપર્ક નંબર | પરીક્ષા સંચાલન માટે ઇન્વીજીલેટર, સુપરવાઇઝર વગેરે સ્ટાફની ઉપલબ્ધી (Yes/No) |
|---|---|---|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) | (૯) |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |

તારીખઃ-..../..../૨૦૨૨

જિલ્લા વિકાસ અધિકારી

...........જિલ્લા પંચાયત

# પત્રક-૨ (સમરી પત્રક)

જિલ્લાનું નામ - ......................................

| ક્રમ | વિગત | જિલ્લા મથક ખાતે | | | તાલુકા મથક ખાતે | | | અન્ય સ્થળે | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ઉપલબ્ધ પરીક્ષા કેન્દ્રોની સંખ્યા | વર્ગખંડોની સંખ્યા | ઉમેદવારોની કુલ બેઠક ક્ષમતા | ઉપલબ્ધ પરીક્ષા કેન્દ્રોની સંખ્યા | વર્ગખંડોની સંખ્યા | ઉમેદવારોની કુલ બેઠક ક્ષમતા | ઉપલબ્ધ પરીક્ષા કેન્દ્રોની સંખ્યા | વર્ગખંડોની સંખ્યા | ઉમેદવારોની કુલ બેઠક ક્ષમતા |
| ૧ | સીસીટીવી ધરાવતા શાળા/કોલેજની સંખ્યા | | | | | | | | | |
| ૨ | સીસીટીવી ન ધરાવતા શાળા/કોલેજની સંખ્યા | | | | | | | | | |
| કુલ | | | | | | | | | | |

તારીખઃ-..../..../૨૦૨૨

જિલ્લા વિકાસ અધિકારી

...........જિલ્લા પંચાયત

ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ
સત્યમેવ જયતે
ગાંધીનગર